# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી-૩૯૬૪૫૦

ફોન : ૦૨૬૩૭-૨૮૨૦૨૬, ફેક્ષ નં. ૦૨૬૩૭-૨૮૨૭૦૬, E-mail : dee@nau.in, Website : www.nau.in

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના વડાઓને જણાવવાનું કે,યુનિવર્સિટી હેઠળ કાર્યરત વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો કૃષિલક્ષી વિડીયો ફિલ્મ(દસ્તાવેજી) તૈયાર કરાવવાની કામગીરી યોગ્ય અને સક્ષમ પાર્ટી પાસે સ્પર્ધાત્મક ભાવે તૈયાર કરાવી શકે તે માટે અત્રેની કચેરી દ્વારા ઇ-ટેન્ડર મારફતે ભાવપત્રકો મંગાવવાની કાર્યવાહી હાથ ધરેલ હતી. આ અંગે યુનિવર્સિટીની ટેન્ડર સમિતીના સભ્યોએ "Digital Agri Media, 605, Shalin Complex, Sector-11, Gandhinagar" (મો.નં.૯૪૨૭૦૫૦૭૩૩)ના ભાવો નીચે મુજબ મંજૂર કરેલ છે. સદરહુ ભાવો તા.૨૦/૦૭/૨૦૧૬ સુધી અમલમાં રહેશે.

| Sr. No. | Item | No. | Rate (Rupees) |
|---|---|---|---|
| 1. | Making of "Video Film (Documentary) Related to Agriculture and allied fields" Up to 20 Minutes (Including all taxes) | 1 | 85000.00 |
| 2. | Making of "Video Film (Documentary) Related to Agriculture and allied fields" 20 to 30 Minutes (Including all taxes) | 1 | 95000.00 |
| 3. | Making of "Video Film (Documentary) Related to Agriculture and allied fields" More than 30 Minutes (Including all taxes) | 1 | 100000.00 |
| 4. | One VCD copy of final VideoFilm (Documentary) Related to Agriculture and allied fields" With cover and sticker (including all taxes) | 1 | 25.00 |
| 5. | One VCD copy of readymade agricultural film produced by party. With cover and sticker (including all taxes) | 1 | 105.00 |

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના વડાઓ આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ શરતો અને બોલીઓ તેમજ ઉપરોક્ત દર્શાવેલ મંજૂર થયેલ ભાવોથી પાર્ટીનો બારોબાર સંપર્ક કરીને કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) તૈયાર કરાવવાની કામગીરી કરાવી શકશે.

ઉપરોક્ત પરિપત્ર માનનીય કુલપતિશ્રીની મંજૂરી મેળવીને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં. વિશિનિ/ટી-૨/વેબ-૪૫/૨૦૧૪
નવસારી તા.૦૭/૧૧/૨૦૧૪

# <u>કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી)ના ટેન્ડરની શરતો અને બોલીઓ</u>

## (અ) ટેન્ડરલક્ષી શરતો અને બોલીઓ

૧. ટેન્ડર ફોર્મ ફી પેટે રૂા.૫૦૦/–નો ડીમાન્ડ ડ્રાફટ **''નવસારી કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ''ના નામે** મોકલવાનો રહેશે.

૨. ટેન્ડર ભરનારે અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)**રૂા.૩૦,૦૦૦/– ડી.ડી./બેંકર્સ ચેક દ્વારા ''નવસારી કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ''ના નામે** ભરી ચૂકવવાના રહેશે. EMD ઉપર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહિ.EMD પૂરેપુરી કે અંશતઃ નીચેમાંના કોઈ એક કે વધારે કારણોસર ફોરફીટ (જપ્ત) કરવામાં આવશે.

(અ) ટેન્ડર ભરનાર પોતાનું ટેન્ડર પરત ખેંચશે તો.

(બ) જેનું ટેન્ડર પાસ થાય તે નિર્માતા જો કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) તૈયાર કરવાનું સ્વીકારે નહિ તો.

(ક) જો સંતોષકારક કામગીરી સમયમર્યાદા ન કરે તો.

૩. આ ટેન્ડરમાં જરૂરી દસ્તાવેજો માત્ર ઓનલાઈન ''ચેકલીસ્ટ ડોકયુમેન્ટ'' સ્વરૂપે nprocure માં સબમીટ કરવાના રહેશે અને ફકત આવા દસ્તાવેજો જ ટેન્ડર માટે ગ્રાહય રહેશે. ટેન્ડરની હાર્ડ કોપી સબમીશનમાં માત્ર ટેન્ડર ફી, ઈ. એમ. ડી. અને સહી સિકકાવાળુ ટેન્ડરની શરતો અને પત્રક–૧ મોકલવાનું રહેશે. હાર્ડ કોપી ''વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, યુનિવર્સિટી ભવન, નવસારી – ૩૯૬ ૪૫૦'' (ગુજરાત)ના સરનામે મોકલવાની રહેશે.

૪. ભાવો નિયત ટેન્ડર ફોર્મમાં જ ભરવાના રહેશે અન્યથા ભરેલ ભાવો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

૫. ભાવો જે તે કચેરી બેઠાના અને તમામ ટેકસ સહિતના રહેશે.

૬. સરકારશ્રી કે અન્ય સંસ્થાઓ તરફથી કાળી યાદીમાં મુકેલ નિર્માતા ટેન્ડર ભરી શકશે નહીં અને જો ટેન્ડર ભરશે અને મંજૂર થયા બાદ જાણ થશે તો કરાવેલ કામ અંગેનાં નાણાં ચૂકવવામાં આવશે નહીં.

૭. આવેલ ટેન્ડર પૈકી એક યા તમામ ટેન્ડર કારણ દર્શાવ્યા સિવાય સ્વીકારવાની અગર નહી સ્વીકારવાની સત્તા યુનિવર્સિટીને અબાધિત રહેશે.

૮. સદરહું ભાવો વર્ષ ૨૦૧૪–૧૫ અને વર્ષ ૨૦૧૫–૧૬ માટેના રહેશે. યુનિવર્સિટીને યોગ્ય લાગશે તો સમયગાળો વધારી શકશે.

૯. જે નિર્માતાનું ટેન્ડર મંજૂર થાય તેઓએ યુનિવર્સિટી તરફથી ઓર્ડર આપ્યા બાદ જે તે કચેરીને નિયમ મુજબ ઓર્ડરના પાંચ ટકાપ્રમાણે પરફોર્મન્સ ગેરંટીની રકમ ડી.ડી./બેન્કર્સ ચેક દ્વારા **''નવસારી કૃષિ યુનિવર્સિટી ફંડ એકાઉન્ટ''**ના નામે જમા કરવાની રહેશે.

૧૦. વિડીયો ફિલ્મ બનાવવાની કામગીરી સમયમર્યાદામાં પુરી કરવામાં નહીં આવે તો યુનિવર્સિટી દ્વારા નિયુકત કમિટીના સભ્યો જે દંડાત્મક રકમ નકકી કરે તે કુલ બીલમાંથી ઓછા કરીને આખરી ચૂંકવણું કરવામાં આવશે.

૧૧. વિડીયો ફિલ્મની ઓડિયો અને/અથવા ીવડીયોની ગુણવત્તા નબળી જણાશે તો યુનિવર્સિટીની નિયુકત કમિટીનીસૂચના મુજબ પરફોર્મન્સ ગેરંટીના નાણા જપ્ત કરવામાં આવશે.

૧૨. ટેન્ડર ભરેલ નિર્માતાએ ટેન્ડરમાં માંગવામાં આવેલ પ્રમાણપત્રો સ્કેન કરી ઓનલાઈન સબમીટ કરવા જયારે ઓરીજીનલ પ્રમાણપત્રો અને આધાર–પુરાવા ફીઝીકલ ટેન્ડર સાથે સામેલ રાખવાના રહેશે.

૧૩. ટેન્ડર ભરેલ નિર્માતાના તમામ દસ્તાવેજ ચેક કરવામાં આવશે અને ત્યાર બાદ યોગ્યતા ધરાવનાર નિર્માતાઓને ઈ–ટેન્ડર ખુલ્યા બાદ જરૂર પડયે રૂબરૂમાં ચર્ચા કરવા માટે બોલાવવામાં આવશે.

૧૪. કામગીરી પૂર્ણ થયેથી જે તે વિભાગના વડાશ્રીના નામનું બીલ ત્રણ નકલમાં આપવાનું રહેશે.

## (બ) વિડીયો ફિલ્મ તૈયાર કરવાની શરતો અને બોલીઓ

૧. કૃષિ અને તેને સંલગ્ન યોજનાકીય કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) તૈયાર કરવાની હોઈ નિર્માતા કૃષિમાં સ્નાતકની ડીગ્રી ધરાવતા હોવા જોઈએ.

૨. નિર્માતા પાસે ફિલ્મ તૈયાર કરવાનું જરૂરી પ્રોડકશન યુનિટ હોવું જોઈએ. આ યુનિટમાં હાઈ રિઝોલ્યુએશનના કેમેરા, એડીટીંગ ઈન્સ્ટ્રુમેન્ટસ અને નિષ્ણાંત ઓપરેટરો હોવા જરૂરી છે. આઉટ સોર્સીંગથી સદરહું કામગીરી કરી શકાશે નહિં.

૩. નિર્માતાએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કૃષિ યુનિવર્સિટી, દૂરદર્શન કેન્દ્ર, સરકારી તેમજ સહકારી સંસ્થાઓ જેવી માન્ય સંસ્થા માટે કૃષિ લક્ષી કાર્યક્રમ તૈયાર કરીને પ્રસારિત કર્યાનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.

૪. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) તૈયાર કરવામાં રાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તાનું સ્તર જાળવવાનું છે. આથી ઓછી લાયકાત કે ઓછો અનુભવ ધરાવતા નિર્માતાના ટેન્ડર ધ્યાને લેવામાં આવશે નહી અને તે આપોઆપ રદ થશે.

૫. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી)તૈયાર થયે નિર્માતાએ નિર્ણાયક સમિતિ સમક્ષ પ્રેઝન્ટેશન કરવાનું રહેશે. નિર્ણાયક સમિતિ પ્રેઝન્ટેશનને ધ્યાને લઈ નિર્માતા નકકી કરી કામગીરીનો ઓર્ડર આપશે. એક કરતા વધારે નિર્માતાઓ પણ નકકી કરી શકાશે. આ અંગે નિણાર્યક સમિતિનો નિર્ણય આખરી નિર્ણય ગણાશે અને આ બાબતને કોર્ટ મેટર બનાવી શકાશે નહીં.

૬. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) ટેલીવીઝન ઉપરથી પ્રસારીત કરી શકાય તેવા ડીજીટલ ફોર્મેટમાં બનાવવાની રહેશે. જેની સુધારા વધારા કર્યા પછીની ફાઈનલ માસ્ટરકોપી ડીવીસી અથવા ડીવીસી પ્રોમાં આપવાની રહેશે અને સાથે ડીવીડી પાંચ કોપીમાં તેમજ મીનીડીવીડી એક કોપીમાં આપવાની રહેશે.

૭. સદર કામગીરી નવસારી કૃષિ યુનિવર્સિટીના વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો/વિભાગો તેમજ કૃષિ મહોત્સવ અંતર્ગત કરવાની રહેશે. કૃષિ મહોત્સવ દરમ્યાન કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) તેમજ તેની નકલોની સંખ્યા વધુ હોઈ શકે છે. જયારે વર્ષ દરમ્યાન વિવિધ સંશોધન કેન્દ્રો/વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવનાર કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) અને તેની નકલોની સંખ્યા તેઓની જરૂરીયાત મુજબની ઓછી માત્રામાં પણ હોઈ શકે છે.

૮. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) માટેની સ્ક્રીપ્ટ અગાઉથી મંજૂર કરાવવાની રહેશે અને તે સંબધિત કચેરીના વડાશ્રી સમક્ષ રજૂ કરી તેમના સૂચનો મુજબ સુધારા વધારા કરવાના રહેશે. ત્યાર બાદ નિર્માણ કાર્ય શરૂ કરવાનું રહેશે.

૯. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) જરૂરીયાત મુજબ સ્થાનિક બોલીમાં ગુજરાતી, હિન્દી તથા જરૂર જણાય ત્યાં અંગ્રેજી ભાષામાં તૈયાર કરવાની રહેશે, સાથે–સાથે જરૂર પડે તો સ્થાનિક ખેડૂત ભાઈઓ/બહેનોના અવાજનો ઉપયોગ કરી ડબીંગ કરવું.

૧૦. નિર્માતાએ પોતાની રીતે તૈયાર કરેલ કૃષિલક્ષી વિડીયો ફિલ્મની એક નકલના ભાવ પણ આપવાના રહેશે.

૧૧. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) તૈયાર થયા બાદ સંબધિત કચેરીના વડાશ્રી સમક્ષ રજૂ કરી તેમના સૂચનો મુજબ સુધારા વધારા કરવાના રહેશે.

૧૨. તૈયાર થનાર કૃષિલક્ષી વિડીયો ફિલ્મમાં (દસ્તાવેજી) કોઈપણ પ્રકારની વ્યવસાયિક જાહેરાતો તેમજ નિર્માતાની પોતાની સંસ્થાની જાહેરાત દર્શાવી શકાશે નહીં.

૧૩. તૈયાર થનાર કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી)ના તમામ કોપી રાઈટ તેમજ માલિકી હકકો નવસારી કૃષિ યુનિવર્સિટીના રહેશે.

૧૪. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી)ની આખરી મંજૂરી જે તે કચેરીના વડાશ્રી આપશે. ત્યારબાદ દરેક કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી)ની વધારાની નકલો કચેરીના વડાશ્રી જે નકકી કરે તે પ્રમાણે રહેશે અને તે મુજબ તૈયાર કરવાની રહેશે. સદર કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી)ના વિષયો કૃષિ અને કૃષિ સંલગ્ન વ્યવસાયને અનુરૂપ રહેશે. આમ છતાં કચેરીના વડાશ્રી ધ્વારા જે સૂચનો કરવામાં આવે તે પ્રમાણે કામગીરી કરવાની રહેશે.

૧૫. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) માટે કોઈ એડવાન્સ નાણાં આપવામાં આવશે નહી.

૧૬. કૃષિલક્ષી વિડીયો ફિલ્મ (દસ્તાવેજી) તૈયાર કરવાના તમામ તબકકાની કામગીરીની તમામ જવાબદારી નિર્માતાની રહેશે અને યુનિવર્સિટી તરફથી તાંત્રિક માર્ગદર્શન સિવાય અન્ય કોઈ સગવડો/સવલતો જેવી કે કેમેરો, વાહન, રહેવા–જમવાની વ્યવસ્થા વગેરે પુરી પાડવામાં આવશે નહી.

વિસ્તરણ શિક્ષણ નિયામક